# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-06-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

****************************************************

1) રાજ્યને ઉદ્યોગોનું વૈશ્વિક કેન્દ્ર બનાવવાની નેમ સાથે ગુજરાત ઔદ્યોગિક નીતિ 2026 જાહેર કરાઇ.

2) અમદાવાદ રેલવે મંડળ માટે 140 કરોડ રૂપિયાના ખર્ચે કવચ પરિયોજનાને મંજૂરી.

3) નીટ પેપર લીક મામલે અમદાવાદ ગુના શાખાએ ત્રણ આરોપીની ધરપકડ કરી.

4) દક્ષિણ ગુજરાતમાં આગામી ત્રણ દિવસ હળવા વરસાદની આગાહી.

5) પ્રથા પવારે પ્રથમ ગુજરાત રાજ્ય રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ 2026નો ખિતાબ જીત્યો.

............................................................

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# INDUSTRIAL POLICY

ગુજરાતને વૈશ્વિક ઉત્પાદન, નવીનતા અને રોકાણનું કેન્દ્ર બનાવવા માટે રાજ્ય સરકારે આજે ગુજરાત ઔદ્યોગિક નીતિ-2026 જાહેર કરી છે. આ નીતિનો મુખ્ય હેતુ "વિકસિત ગુજરાતથી વિકસિત ભારત 2047"ના સંકલ્પને સાકાર કરવાનો છે. નવી નીતિ ઉદ્યોગો, સ્ટાર્ટઅપ્સ, MSME, મહિલા ઉદ્યોગસાહસિકો તેમજ સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપશે.

આજે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ નવી નીતિનું અનાવરણ કર્યું. તેમણે કહ્યું, નવી ઔદ્યોગિક નીતિ હેઠળ હરિત હાઇડ્રોજન, હરિત એમોનિયા, ઇલેક્ટ્રિક વાહનો, ઓટો કમ્પોનેન્ટ્સ, ઉડ્ડયન, અવકાશ ઉત્પાદન, સેમિકન્ડક્ટર સહાયક ઉદ્યોગો, ઔષધીય, કાપડ, ડ્રોન, રોબોટિક્સ, રમકડાં જેવા ક્ષેત્રોને પ્રાથમિકતા આપવામાં આવી છે.

## (BYTE: BHUPENDRA PATEL CHIEF MINISTER)

નવી નીતિ અંતર્ગત સ્ટાર્ટઅપ્સને દર મહિને 25 હજાર રૂપિયા સુધીનું ભથ્થું એક વર્ષ માટે અપાશે. MSME એકમોને મૂડી સહાય, વ્યાજ સહાય અને વીજદર સહાયનો વિકલ્પ આપવામાં આવ્યો છે. નીતિમાં પ્રથમ પાંચ સંશોધન અને વિકાસ કેન્દ્રોને વિશેષ પ્રોત્સાહન મળશે. સાથે જ ગુજરાત સંશોધન અને નવીનીકરણ પાર્કની સ્થાપના કરાશે.

# AHMEDABAD KAVACH

ભારતીય રેલવેએ અમદાવાદ મંડળ માટે 140 કરોડ રૂપિયાના ખર્ચે કવચ પરિયોજનાને મંજૂરી આપી છે. કવચના આ ચોથા તબક્કા હેઠળ અમદાવાદ ડિવિઝનના 48 બ્લોક સેક્શનમાં 598 કિલોમીટર આવરી લેવાશે. અગાઉ, અમદાવાદ ડિવિઝનના લગભગ 702 કિલોમીટર રૂટ પર કવચનું કામ મંજૂર કરાયું હતું. આજે આપેલી મંજૂરી સાથે, ડિવિઝનના બાકીના વિભાગો પણ કવચ હેઠળ લાવવામાં આવશે, જેનાથી સમગ્ર ડિવિઝનમાં સ્વદેશી ટ્રેન સુરક્ષા પ્રણાલીનો વ્યાપક ઉપયોગ થશે.

ઉલ્લેખનીય છે કે કવચ એ સ્વદેશી રીતે વિકસિત ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન-ATP પ્રણાલી છે જે સલામતી વધારવા માટે વિકસાવાઈ છે. તે સિગ્નલ પાસિંગ એટ ડેન્જરને રોકવામાં મદદ કરે છે, અસુરક્ષિત પરિસ્થિતિઓને ટાળવા માટે જરૂર પડે ત્યારે આપમેળે બ્રેક લગાવે છે, ગંભીર પરિસ્થિતિઓમાં ટ્રેનની ગતિને નિયંત્રિત કરે છે અને અથડામણનું જોખમ નોંધપાત્ર રીતે ઘટાડે છે.

# AHMEDABAD NEET

અમદાવાદ સાયબર ગુના શાખાએ NEET પેપર મામલે 3 આરોપીની ધરપકડ કરી છે. રાજસ્થાનથી પકડાયેલા બે આરોપીઓ સોશિયલ મીડિયા પર ચેનલ ચલાવી NEET નું પેપર વેચતા હતા. જ્યારે બિહારથી પકડાયેલો આરોપી NEET ના રિફંડના નામે છેતરપિંડી કરતો હતો. અમદાવાદ ગુના શાખાના JCP શરદ સિંઘલે જણાવ્યું કે પકડાયેલા આરોપીએ પેપર લીક નથી કર્યા,આરોપીઓએ સોશિયલ મીડિયા મારફતે જાહેરાત કરી હતી કે તેમની પાસે ફરીથી લેવાનાર નીટ પરીક્ષાનું પેપર છે.

**(BYTE: SHARAD SINGHAL – JCP)**

# RAJKOT MEGA DRIVE

રાજકોટ મહાનગરપાલિકાએ ખોરાકમાં ભેળસેળ કરતાં શખ્સો સામે વિશેષ ઝુંબેશ શરૂ કરી છે. ત્યારે આજે વિવિધ સ્થળોએ નિરીક્ષણ દરમિયાન, અધિકારીઓને એક દુકાનમાં અસ્વચ્છ પરિસ્થિતિઓ અને અખાદ્ય સામગ્રી મળી આવી. મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ ખોરાકમાં ભેળસેળ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપી છે.

**(BYTE: TUSHAR SUMERA, MUNICIPAL COMMISSIONER)**

# 12 YEARS OF DEVELOPMENT PROGRAMS

12 વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના અભિયાન અંતર્ગત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં અનેક કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

પાટણ ખાતે આજે યોજાયેલા વિકસિત ભારત સંકલ્પ સંમેલનમાં જિલ્લાના પ્રભારી મંત્રી સ્વરૂપજી ઠાકોરે સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવા તેમજ સ્વચ્છતા, વૃક્ષારોપણ, જળ સંરક્ષણ જેવા જનઆંદોલનોમાં વધુને વધુ નાગરિકોને જોડાવા અપીલ કરી.

છોટાઉદેપુરમાં મહિલા અને બાળ વિકાસ મંત્રી મનીષા વકીલે પત્રકાર પરિષદનું આયોજન કર્યું. તેમણે છેલ્લા 12 વર્ષ દરમિયાન દેશના સર્વાંગી વિકાસ, ગરીબ કલ્યાણ, મહિલા સશક્તિકરણ, યુવા અવસરો, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવા થયેલા ઐતિહાસિક કાર્યો અંગે વિસ્તૃત માહિતી આપી.

## (BYTE: MANISHA VAKIL, MINISTER)

રાજકોટ ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ શિબિર યોજાઈ હતી આ પ્રસંગે સાંસદ પરશોત્તમ રૂપાલાએ મેદસ્વિતામુક્ત જીવનશૈલી અપનાવવા આહ્વાન કરતાંમાનસિક અને શારીરિક સ્વાસ્થ્યના માધ્યમથી વધુ સુદ્રઢ બનાવવા યોગ અનિવાર્ય હોવાનું જણાવ્યું હતું.

મહીસાગર જિલ્લામાં યોજયેલી ‘જન કલ્યાણ શિબિરમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો પાત્રતા ધરાવતા લાભાર્થીઓને એનાયત કરવામાં આવ્યા હતા.

વલસાડ જિલ્લામાં ત્રિદિવસીય  સરકારની સિધ્ધિઓના પ્રદર્શન'' યોજાયું હતું. આ પ્રદર્શનને એક હજારથી વધુ લોકોએ નિહાળ્યું હતું.

સુરેન્દ્રનગરમાં યોજાયેલી જનકલ્યાણ શિબિરમાં જિલ્લા પ્રભારી મંત્રી દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું કે નાના વેપારીઓ અને ગરીબ વર્ગ માટે પ્રધાનમંત્રી પોતે 'ગેરંટર' બનીને દશ હજારથી પચાસ હજાર રૂપિયા સુધીની આર્થિક સહાય લોન સ્વરૂપે પૂરી પાડી રહ્યા છે

ડાંગ જિલ્લાના આહવા તાલુકાના ચિકટીયા પ્રાથમિક શાળા ખાતે 'યોજાયેલી જનકલ્યાણ શિબિરમાં લાભાર્થીઓને મમતા કીટનું વિતરણ, વ્હાલી દીકરીનો હુકમ, ગંગા સ્વરૂપા યોજના, વૃદ્ધ સહાય યોજના સહિતની કલ્યાણકારી યોજનાઓના લાભો આપવામાં આવ્યા.

# KUTCH FOOD POISONING

**કચ્છ જિલ્લાના માધાપરમાં 40 બાળકોને ખોરાકી ઝેરની અસર થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે એશ્વર્યાનગર વિસ્તારમાં મંદિરમાં ભોજન બાદ છાશ પીવાથી બાળકોની તબિયત બગડી હોવાનું પ્રાથમિક અનુમાન છે. બાળકોને સારવાર માટે હોસ્પિટલ માટે ખસેડવામાં આવ્યા છે. ઘટના અંગે ખોરાક અને આરોગ્ય વિભાગે વધુ તપાસ હાથ ધરી છે.**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

**DESK**

# SOMVATI AMAVASYA

આજે અધિક માસનો અંતિમ દિવસ અને સોમવારની અમાસ હોવાથી સોમવતી અમાસનું વિશેષ મહત્વ રહેલું છે. રાજ્યમાં અને અનેક જગ્યાએ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યા હતું.

વલસાડના તિથલ બીચ પર આજે :હજારો શ્રદ્ધાળુઓએ સમુદ્ર સ્નાન કરી પિતૃતર્પણ વિધિ કરી હતી અને પિતૃઓના મોક્ષ માટે પ્રાર્થના કરી હતી.

હિન્દુ માન્યતા પ્રમાણે વર્ષ દરમિયાન સોમવતી અમાસ ભાગ્યે જ આવે છે. આ દિવસે સમુદ્ર કિનારે પિતૃઓનું તર્પણ અને પિંડદાન કરવાનો વિશેષ મહિમા છે. ભગવાન નારાયણનો વાસ ક્ષીર સાગરમાં મનાય છે, તેથી સમુદ્ર દેવની સાક્ષીએ કરાતી આ વિધિથી સાત પેઢી સુધીના પિતૃઓને મોક્ષ મળે છે. વિષ્ણુ પુરાણમાં આ દિવસે દરિયામાં સ્નાન કરવાનું પણ વિશેષ મહત્વ દર્શાવાયું છે.

દમણ ખાતે નારાયણ મંદિર નજીક દમણ ગંગા નદી અને અરબી સમુદ્ર સંગમ સ્થળે માછી સમાજની મહિલાઓ દ્વારા પરંપરાગત શક્તિ અને શ્રદ્ધા ભક્તિભાવ સાથે સામૂહિક પૂજા અર્ચના કરવામાં આવી હતી.

# WEATHER FC

દક્ષિણ ગુજરાતમાં આજથી ત્રણ દિવસ વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સાત દિવસ દરમિયાન તાપમાનમાં વધુ ફેરફાર થવાની શક્યતા નહીવત છે. જોકે ત્રણ દિવસ બાદ સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં પણ હળવા વરસાદની સંભાવના હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું.

**(BYTE: DR. A.K. DAS, DIRECTOR)**

# TABLE TENNIS

પ્રથા પવારે પ્રથમ ગુજરાત રાજ્ય રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ 2026નો ખિતાબ જીત્યો છે. અમદાવાદમાં નારણપુરા સ્થિત વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે રમાઈ રહેલી આ સ્પર્ધાની ફાઇનલમાં પ્રાથાએ ઓશિકી જોડરને એક રોમાંચક મુકાબલામાં હરાવ્યો. તેણીએ આ મેચ 4-3થી જીતી લીધી. પ્રથાએ શરૂઆતની બે ગેમ 16-14, 11-8થી જીતી, પરંતુ ઓશિકીએ ત્રીજી ગેમ 11-8થી જીતી લીધી. પ્રથાએ ચોથી ગેમ 11-8થી જીતીને ફરીથી લીડ મેળવી લીધા પછી, ઓશિકીએ પાંચમી અને છઠ્ઠી ગેમ જીતીને મેચને નિર્ણાયક રમતમાં ફેરવી દીધી. અંતિમ ગેમમાં, પ્રથાએ પોતાની હિંમત જાળવી રાખીને 14-12થી જીત મેળવી.